श्री पुष्पदंत रचित

# ॥ शिवमहिम्नस्तोत्र ॥



ગુજરાતી પદ્યાનુવાદ

- શ્રી યોગેશ્વરજી

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * * * *



E-Book

| | |
|---|---|
| Title | : Shivmahimna Stotra |
| Language | : Gujarati |
| Version | : 2.1 |
| Pages | : 28 |
| Created | : March 6th 2008 |
| Updated | : June 10th 2020 |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.


* * *

## નિવેદન



શિવમહિમ્ન સ્તોત્ર ભગવાન શંકરના ભક્તોમાં સુપ્રસિદ્ધ છે. પુષ્પદંતે એની રચના પ્રબળ પ્રેમથી પ્રેરાઈને કરી છે. ભારતમાં ઊત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ સર્વત્ર એનો લાભ લેવાય છે. ભાવિક જનતા એમાંથી પ્રેરણા મેળવે છે. સ્તોત્રનો કાવ્યાનુવાદ મોટે ભાગે શિખરિણી છંદમાં છે. એની આ આવૃતિ જનસેવાર્થે પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. જનતા જનાર્દન આ શિવભક્તિસાગરમાં હરહંમેશ સ્નાન કરીને કૃતકૃત્ય થશે એવી અપેક્ષા અસ્થાને નથી.

**- યોગેશ્વરજી**



## શિવમહિમ્ન સ્તોત્ર

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ - હિન્દુઓના આદિ દેવ મનાય છે. બ્રહ્મા જગતનું સર્જન કરનાર, વિષ્ણુ ધારણ કે પોષણ કરનાર અને શંકર વિસર્જન કે વિનાશ કરનાર મનાય છે. આદિ શંકરાચાર્ય સહિત અનેક નામી અનામી મહાપુરુષોએ ભગવાન શંકરની સ્તુતિ કરતા સ્તોત્ર રચ્યા છે. પણ એ બધામાં પુષ્પદંત ગાંધર્વ રચિત શિવમહિમ્ન સ્તોત્ર શિવભક્તોમાં અત્યંત લોકપ્રિય બન્યું છે. સોમવારે અને ખાસ કરીને શ્રાવણ માસમાં શિવભક્તો એનો ભાવપૂર્વક પાઠ કરે છે.

આ સ્તોત્રની રચના પાછળ રસપ્રદ ઈતિહાસ રહેલો છે. પુષ્પદંત ગાંધર્વ ઈન્દ્રના દરબારમાં સંગીતકાર હતો. એને પુષ્પો ખુબ પસંદ હતા. એક દિવસ અનાયાસ એની નજર રાજા ચિત્રરથના ઉદ્યાનમાં ખીલેલ પુષ્પો પર પડી. એ જોઈને એ મોહિત થઈ ગયો અને પોતાની જાતને ફુલ ચુંટતા રોકી ન શક્યો. રાજા ચિત્રરથ ભગવાન શંકરનો એકનિષ્ઠ ભક્ત હતો. પોતાના ઉદ્યાનમાં ખીલેલા સુંદર પુષ્પોથી એ દરરોજ મહાદેવની પૂજા કરતો. પુષ્પદંતે ફુલ તોડી લીધા એથી રાજા ચિત્રરથ મહાદેવની પૂજામાં ફુલો અર્પણ ન કરી શક્યો. પછીથી આવું વારંવાર બનવા માંડ્યું. ઘણાં પ્રયત્ન છતાં રાજા ચિત્રરથ પોતાના ઉદ્યાનમાંથી થતી ફુલોની ચોરીને અટકાવવામાં અસમર્થ રહ્યો કારણ કે પુષ્પદંત પાસે અદૃશ્ય રહેવાની સિદ્ધિ હતી. ચોરને પકડવાના આખરી ઉપાય તરીકે એણે એના ઉદ્યાનમાં ભગવાન શંકરને પ્રિય એવા બીલીપત્ર અને નિર્માલ્યને બિછાવી દીધા. રોજની માફક પુષ્પદંત ફુલો ચુંટવા આવ્યો ત્યારે એનો પગ બિલીપત્ર પર પડ્યો. પોતાનાથી અજાણતામાં થયેલ આ અક્ષમ્ય અપરાધથી મુક્ત થવા, ભગવાન શંકરના કોપથી બચવા અને એમને પ્રસન્ન કરવા એણે આ સ્તોત્રની રચના કરી.

મૂળ સંસ્કૃતમાં લખાયેલ આ સ્તોત્રને સુપ્રસિદ્ધ સંત સાહિત્યકાર શ્રી યોગેશ્વરજીએ એમના હિમાલયવાસ દરમ્યાન ૧૯૪૯માં ગુજરાતીમાં અનુવાદિત કર્યું હતું. શિખરીણી છંદમાં રચેલ આ સ્તોત્રને એમણે સ્વરચિત અમરનાથ સ્તુતિની સાથે ૧૯૫૧ની અમરનાથ યાત્રા દરમ્યાન ભગવાન શંકરના ચરણે અર્પણ કર્યું હતું. એના ફલસ્વરૂપ એમને ભગવાન શંકરના દર્શન પણ થયા હતા.

શિવમહિમ્ન સ્તોત્ર પુસ્તક સ્વરૂપે આકાર પામ્યું અને એની અનેક આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ એના ઘણાં વરસો બાદ સુપ્રસિદ્ધ ગાયક બેલડી આશિત અને હેમા દેસાઈએ 'વંદે સદાશિવમ્' આલ્બમ માં એને સ્વરબદ્ધ કરી ગુજરાતી જનતા માટે સુલભ કર્યું.

શ્રી યોગેશ્વરજીના ઉત્કૃષ્ટ અને લોકપ્રિય સર્જનોમાંના એક એવા શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કરવામાં સહુને સરળતા રહે એ હેતુથી એને ઈ-બુકના માધ્યમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી રહ્યું છે. પ્રસ્તુત પુસ્તકમાં શિવમહિમ્ન સ્તોત્રના શ્લોકો મૂળ સંસ્કૃતમાં શ્રી યોગેશ્વરજી દ્વારા કરાયેલ એના ગુજરાતી ભાવાનુવાદ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યા છે. આશા છે ભક્તજનોને એ પસંદ આવશે.

* * *

## Shivmahimna Stotra

Lord Shiva is considered as one of the three main Deity [त्रिदेव: The three forms of God – Brahma (creator), Vishnu (sustainer) and Mahesh or Shiva (destroyer)] of Hindus. Aadi Shankaracharya has written quite a few stotras (songs of worship) on Lord Shiva. Many known and unknown scholars have also expressed their adoration for Lord Shiva with their own poetic verses. However among all stotras or stutis, the one written by Pushpadanta became very popular.

It is interesting to know the circumstances which led Pushpadanta to compose this great song. Pushpadant was a Gandharva (गांधर्व - musician in the court of Indra). He had a particular liking for flowers. It so happened that he saw beautiful garden adorned with charming flowers. It was King Chitraratha's royal garden. King Chitraratha was a devotee of Lord Shiva. Every day, he used to offer flowers from his palatial garden as a symbol of his devotion to Lord Shiva.

Pushpadanta was fascinated by those stunning flowers, so he began to steal them. As a consequence, king Chitraratha was unable to pick flowers for offering to Lord Shiva. It was not an isolated incident. It became a routine affair. King Chitraratha made every effort to address the issue but remained unsuccessful. The reason was very simple; Pushpadanta had divine power to remain invisible.

At last, King spread Bilva leaves (बिलीपत्र), considered auspicious offering to Lord Shiva in his garden. Pushpadanta, unaware of this sudden change, stepped on Bilva leaves and incurred Lord Shiva's wrath. Shiva punished him for his misdeed and Pushpadanta lost his divine power of invisibility.

In order to seek absolution and please Lord Shiva, Pushpadant created a stotra (song of praise) in which he elaborated at length on Shiva's greatness. Shiva was pleased with this hymn, absolved him and returned his divine powers. The very stotra became known as the 'Shiva-mahimna Stotra'.

Shivmahimna Stotra has 43 verses. Find here the Sanskrit text of Pushpadanta's Shivmahimna stotra along with Shri Yogeshwarji's Gujarati translation and comments.

* * *

# ॥ अथ श्री शिवमहिम्नस्तोत्र ॥

महिम्नः पारं ते परमविदुषो यद्यसदृशी
स्तुतिर्ब्रह्मादीनामपि तदवसन्नास्त्वयि गिरः ।
अथाऽवाच्यः सर्वः स्वमतिपरिणामावधि गृणन्
ममाप्येष स्तोत्रे हर निरपवादः परिकरः ॥१॥

*

તમારો ના જાણે પુરણ મહિમા તે સ્તુતિ કરે,
ન હો યોગ્ય તે તો સ્તુતિ વ્યરથ બ્રહ્માની પણ છે;
અને જો પોતાની મતિ મુજબ ગાવાનું તમને,
ગણો સારું તો તો, અનુચિત નથી ગીત મુજ આ.

*

પ્રભો ! તમારા ગુણ ગાવાને આજે આવ્યો છું. તમારા મંદિરને પગથિયે ઊભો ઊભો તમારા કોટિ કામસુંદર રૂપને જોઈ રહ્યો છું. કેટલું મંગલ, કેટલું સુંદર, અનુપમ છે તમારું રૂપ ! કોટિ કોટિ સૂર્ય ઊગે, કોટિ કોટિ કામદેવ આવે તોય તેની સરખામણી કરી ના શકે. તમારી આંખમાં જે મધુરતા છે, શાંતિ છે, કરુણા છે, કોટિ કોટિ ચંદ્ર ઊગે તોય તેની સરખામણી ના કરી શકે! વસંત પોતે આવે તોય તમારા શરીરની જે સુવાસ છે તેને સજી ના શકે. એવું છે તમારું રૂપ. તમારું સૌન્દર્ય ને માધુર્ય !!

ને તમારો મહિમા? મહાન મહાન ઋષિઓ, પંડિતો કે યોગીઓ પણ તે મહિમાને પામી શક્યા નથી; તો હું તો કેમ જ પામું? પણ મારું મન તો તમારી સ્તુતિ કરવા નાચી રહ્યું છે. શું તમારા મહિમાને પૂરોપૂરો ના જાણે તે તમારી સ્તુતિ કરી ના શકે? તો તો પછી બ્રહ્મા જેવાએ પણ તમારી સ્તુતિ કરી છે તે નકામી સમજવી પડે. પરંતુ હું તો માનું છું કે પોતપોતાની બુદ્ધિ પ્રમાણે સૌ સ્તુતિ કરી શકે છે. પોતાની સમજણ પ્રમાણેની તોતડી ભાષા બોલવાનો બાળકને હક છે. તમે તો કેવળ ભાવ જ જુઓ છો; પ્રેમ જ જુઓ છો ને તમારા ગુણ સાંભળી ખુશ ને પ્રસન્ન બનો છો. એટલે જ હું આ ગીત ગાઉં છું, તમારી સ્તુતિ કરું છું. તમને તે ગમશે જ, મારા પ્રભો, એમ માનું છું. પ્રભો, જય હો, તમારો જય હો; હજારો, લાખો કરોડો વાર જય હો!

* * * * *

अतीतः पंथानं तव च महिमा वाङ्मनसयोः
अतद्व्यावृत्त्या यं चकितमभिधत्ते श्रुतिरपि ।
स कस्य स्तोतव्यः कतिविधगुणः कस्य विषयः
पदे त्वर्वाचीने पतति न मनः कस्य न वचः ॥२॥

*

શકે તારો જાણી પરમ મહિમા વાઙ્મન નહીં,
કરે છે વેદો યે, સ્તુતિ પણ ભયે 'નેતિ' સ્વરથી;

ગવાયે તો કો'થી, સુલભ પણ કો'થી શું ગુણનો?
ધરે રૂપ ત્યારે, તુજ પ્રતિ વળે વાઙ્મન છતાં.

*

વાણી અને મનથી તું પર છે એટલે વાણી ને મન તારા મહિમાને જાણી શકતા નથી. એટલે તો વેદ પણ જ્યારે તારું વર્ણન કરવા બેસે છે ત્યારે આખરે 'આ નહિ' 'તે નહિ' એમ કહીને જ અટકે છે. એવો મહિમા કોણ ગાઈ શકે? પામી પણ કોણ શકે? ને તે કેવા ગુણનો છે તે પણ કોણ કહી શકે? છતાં તું સાકાર બને છે, રૂપ ધારણ કરે છે, ત્યારે તારા સ્વરૂપના ગુણગાન ભક્તો કરે છે. ખરેખર એ પ્રેમનું જ કારણ છે.

* * * * *

मधुस्फीता वाचः परमममृतं निर्मितवतः
तव ब्रह्मन् किं वागपि सुरगुरोर्विस्मयपदम् ।
मम त्वेतां वाणीं गुणकथनपुण्येन भवतः
पुनामीत्यर्थेऽस्मिन् पुरमथन बुद्धिर्व्यवसिता ॥३॥

*

સ્તવે છે દેવોના ગુરુ પણ શું આશ્ચર્ય તુજને,
પરબ્રહ્મ મીઠા અમૃતમય તેં વેદ રચીયા;
ગુણો ગાવાથી આ પુનિત મુજ વાણી પણ થશે,
હું એવું માનીને, સ્તવું છું ત્રિપુરાનાશક તને.

*

હે પ્રભો ! હે ઈશ્વર ! અમૃતથી ભરેલા ને ખુબ મીઠા એવા વેદની તેં રચના કરી છે. પછી તારી સ્તુતિ ગમે તે કરે તો પણ તને અચંબો ક્યાંથી થાય? ને એટલે જ દેવોના ગુરુ બૃહસ્પતિ તારી સ્તુતિ કરે છે છતાં તને આશ્ચર્ય થતું નથી. તો પછી મારી રચેલી સ્તુતિથી તો તને અચંબો ક્યાંથી જ થાય? છતાં પણ તારા ગુણો ગાવાથી મારી વાણી ખરેખર પવિત્ર થશે એમ માનીને હું આ સ્તુતિ કરું છું.

* * * * *

तवैश्वर्यं यत्तज्जगदुदयरक्षाप्रलयकृत्
त्रयीवस्तु व्यस्तं तिसृषु गुणभिन्नासु तनुषु ।
अभव्यानामस्मिन् वरद रमणीयामरमणीं
विहन्तुं व्याक्रोशीं विदधत इहैके जडधियः ॥४॥

*

રચે સૃષ્ટિ ધારે, પ્રલય પણ અંતે તું જ કરે,
શરીરો તારાં છે, ત્રણ વરદ એમ શ્રુતિ કહે;
છતાં આ સામે કૈં જડ જન કરે સંશય ઘણાં,
ભલે તેથી થાયે, ખુશ જડ જનો, તે નવ ખરા.

*

તું સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, ને તેનો નાશ પણ કરે છે. તારાં શરીર પણ આ રીતે બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એવા ત્રણ છે. વેદમાં તે કહ્યું છે. આ સાંભળીને કેટલાક અજ્ઞાની લોકો શંકાઓ કરે છે કે ઈશ્વરને તે ત્રણ શરીર હોય? પણ તેવી શંકાઓ સાંભળીને જે મૂર્ખ માણસ છે તે જ ખુશ થાય છે. તે શંકાઓ સાચી નથી.

* * * * *

किमीहः किंकायः स खलु किमुपायस्त्रिभुवनं
किमाधारो धाता सृजति किमुपादान इति च ।
अतर्क्यैश्वर्ये त्वय्यनवसर दुःस्थो हतधियः
कुतर्कोऽयं कांश्चित् मुखरयति मोहाय जगतः ॥५॥

*

કયી ઈચ્છાથી ને કવણ હથિયારે મદદથી,
કયી વસ્તુ કાયા સહિત ઘડિયાં છે ત્રિભુવન?
તહારું ઐશ્વર્ય નવ મન વિચારી કદી શકે,
છતાં તર્કો એવા જડ જન કરે ભ્રાંતિ કરવા.

*

કયી ઈચ્છાથી ને કોની મદદથી તે આ સૃષ્ટિ રચી છે? વળી કેવું શરીર ધારણ કરીને કયા સાધનથી તેં ત્રિભુવનની રચના કરી છે? આ બધા પ્રશ્નો તારી મહાન શક્તિને લગતા છે ને મનથી તારી મહાન શક્તિનો વિચાર થઈ શકતો નથી. છતાં પણ મૂર્ખ માણસો એવા એવા તર્ક કરે છે. તેથી તો ઊલટું બીજા માણસોમાં ભ્રમણા ઉત્પન્ન થાય છે.

* * * * *

अजन्मानो लोकाः किमवयववन्तोऽपि जगतां
अधिष्ठातारं किं भवविधिरनादृत्य भवति ।
अनीशो वा कुर्याद् भुवनजनने कः परिकरो
यतो मन्दास्त्वां प्रत्यमरवर संशेरत इमे ॥६॥

*

બને દૈવી આવું જગત કદી કર્તા વિણ અહા?
ન હોયે કો' આદિ જગનું, પ્રભુ હે દેવ સહુના!
વળી બીજો કોઈ પ્રભુ વિણ રચી આ જગ શકે?
કરે શંકા તારી, મૂરખજન તે તો સહુય છે.

*

કોઈ પણ કર્તા ના હોય તો આવું જગત કદી બની શકે ખરું? જગતનું આદિ કે મુળ કારણ તો હોવું જ જોઈએ. ને પ્રભુ વિના જગતનો રચનાર બીજો કોઈ પણ હોઈ શકે ખરો? આ બધું વિચારતાં તું છે જ એમ સ્પષ્ટ સમજાય છે. એટલે તારે માટે જે શંકા કરે છે તે સૌ મૂરખ માણસો જ છે.

* * * * *

त्रयी साङ्ख्यं योगः पशुपतिमतं वैष्णवमिति
प्रभिन्ने प्रस्थाने परमिदमदः पथ्यमिति च ।
रुचीनां वैचित्र्यादृजुकुटिल नानापथजुषां
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥७॥

*

મતો સાંખ્ય યોગ, પશુપતિમત, વૈષ્ણવમત,
વળી વેદ માર્ગ, વિવિધ પથ છે ઉન્નતિ તણાં;
સ્વીકારે છે લોકો રુચિ મુજબ લાગે પરમ તે,
તને પ્હોંચે છે સૌ પથ, જલધિને જેમ જલ સૌ.

*

તને પહોંચવાના કેટકેટલા રસ્તા છે? સાંખ્યમત, વૈષ્ણવમત ને શૈવમત; તેમજ વેદમાર્ગ ને યોગમાર્ગ તારી પ્રાપ્તિના જુદા જુદા રસ્તા છે. તેને જે ઠીક લાગે, પોતાની રુચિ પ્રમાણે જે ઉત્તમ લાગે, તે માર્ગે તે ચાલે છે, પરંતુ બધી જ જાતનાં પાણી જેમ દરિયામાં મળે છે તેમ બધી જ જાતના માર્ગથી તારી પ્રાપ્તિ થઈ શકે છે.

* * * * *

महोक्षः खट्वाङ्गं परशुरजिनं भस्म फणिनः
कपालं चेतीयत्तव वरद तन्त्रोपकरणम् ।
सुरास्तां तामृद्धिं दधति तु भवद्भूप्रणिहितां
न हि स्वात्मारामं विषयमृगतृष्णा भ्रमयति ॥८॥

*

કુહાડી ને ચર્મ, બળદ તુજ છે મિલ્કત અને,
શરીરે છે ભસ્મ, સરપ, કરમાં ખપ્પર ખરે;
ધર્યાં દૃષ્ટિપાતે, પરમસુખ તેં દેવગણને,
રમે જે આત્મામાં વિષય નવ તેને ભ્રમ કરે.

*

તારું ઐશ્વર્ય એટલું બધું અપાર છે કે ફક્ત દૃષ્ટિપાતથી તેં દેવોને અનેક જાતના ભોગ ને સુખનાં સાધન ધરી દીધાં છે. પણ તારી તૃષ્ણા તો છેક મરી ગઈ છે. ને તેથી જ તેં તારી પાસે ત્રિશૂળ, વ્યાઘ્રચર્મ, પોઠિયો, સાપ ને ખપ્પર તેમજ શરીર પર ભસ્મ રાખી છે. આ પરથી સમજાય છે કે જેને આત્માનો આનંદ મળ્યો છે તે વિષયી પદાર્થોમાં ફસાતો નથી.

* * * * *

ध्रुवं कश्चित् सर्वं सकलमपरस्त्वध्रुवमिदं
परो ध्रौव्याऽध्रौव्ये जगति गदति व्यस्तविषये ।
समस्तेऽप्येतस्मिन् पुरमथन तैर्विस्मित इव
स्तुवन् जिह्रेमि त्वां न खलु ननु धृष्टा मुखरता ॥९॥

*

કહે છે કોઈ આ જગત સત ને કો' અસત કે,
અનિત્ય ને નિત્ય, ઉભયવિધ કોઈ જન કહે;
વિવાદે અંજાઈ શરમ ગણું ગાતાં નવ તને,
બતાવે છે દુષ્ટ મુજ પ્રખર વાચાળપણું તે.

*

તત્ત્વજ્ઞાનને સમજાવનારા જે જે ગ્રંથો છે તેમાંથી કોઈ જગતને સત્ય કે નિત્ય કહે છે તો કોઈક તેને અસત્ય અને અનિત્ય માને છે. પરંતુ આ બધા જુદા જુદા વાદ છે; ને તે તારા ભક્તને આંજી શકતા નથી. તારો ભક્ત તો ત્રણે કાળમાં ને તને જ સત્ય સમજે છે. આ બધા તત્ત્વજ્ઞાનના વાદ જાણ્યા છતાં તારો ભક્ત તારી ભક્તિમાં આનંદ માને છે; ને મને પણ તેવો આનંદ લાગે છે. ભલે આને કોઈ મારું વાચાળપણું (વધારે પડતું બોલવાપણું ) કહે, પણ આ સત્ય જ છે.

* * * * *

तवैश्वर्यं यत्नाद् यदुपरि विरिञ्चिर्हरिरधः
परिच्छेतुं यातावनिलमनलस्कन्धवपुषः ।
ततो भक्तिश्रद्धा-भरगुरु-गृणद्भ्यां गिरिश यत्
स्वयं तस्थे ताभ्यां तव किमनुवृत्तिर्न फलति ॥१०॥

*

બની અગ્નિસ્થંભ, ગિરીશરૂપ જ્યારે ધરિયું તેં,
મથ્યા બ્રહ્મા વિષ્ણુ ઉભય પણ માપી નવ શક્યા;
પછી જ્યારે શ્રદ્ધાભગતિ ઉર ધારી સ્તુતિ કરી,
બતાવ્યું તે રૂપ; તુજ ભગતિ ના નિષ્ફળ જતી.

*

બ્રહ્મા ને વિષ્ણુ વચ્ચે એકવાર વિવાદ થયો કે બંનેમાં મોટો કોણ, ત્યારે હે પ્રભુ! તમે અગ્નિસ્થંભનું રૂપ લઈને તે બંનેની સામે પ્રગટ થયા. બ્રહ્મા ને વિષ્ણુ બંને પોતપોતાના બળને બતાવવા તમારા એ શરીરને માપવા માંડયા, પરંતુ કોઈ માપી ન શક્યા. અંતે હતાશ થઈને તે બંને તમારી સ્તુતિ કરવા માંડ્યા ત્યારે તમે પ્રસન્ન થયા. ખરેખર, કોઈ સાચા દિલથી તમારી સ્તુતિ કરે ને તમે પ્રસન્ન ના થાવ એ કદી બનતું જ નથી.

* * * * *

अयत्नादासाद्य त्रिभुवनमवैरव्यतिकरं
दशास्यो यद्बाहूनभृत-रणकण्डू-परवशान् ।
शिरःपद्मश्रेणी - रचितचरणाम्भोरुह - बलेः
स्थिरायास्त्वद्भक्तेस्त्रिपुरहर विस्फूर्जितमिदम् ॥११॥

*

રહ્યો ના કો' વેરી ત્રિભુવન મહીં રાવણતણો,
મળી સૃષ્ટિ બાહુ લડત લડવા આતુર રહ્યા;
ધર્યાં તારે પાયે કમલરૂપમાં શીશ સઘળાં,
હતી તેની ભક્તિ દૃઢ, ફળ મળ્યું તેનું પ્રભુ આ.

*

તમારો પરમ ભક્ત રાવણ તમારી પૂજા કરતો હતો ત્યારે કમળને બદલે પોતાનાં નવ મસ્તકને તેણે તમારે ચરણે ધર્યાં. જ્યારે દસમું મસ્તક કાપીને ધરવા જતો હતો ત્યારે તરત જ તમે પ્રગટ થયા ને તેને વરદાન આપ્યાં. આ વરદાનના પ્રતાપથી જ રાવણ રણમાં વિજયી થયો છે, અને ત્રિભુવનનો સ્વામી બન્યો છે. તમારી સ્થિર ને દૃઢ ભક્તિનું આ પરિણામ છે.

* * * * *

अमुष्य त्वत्सेवा-समधिगतसारं भुजवनं
बलात् कैलासेऽपि त्वदधिवसतौ विक्रमयतः ।
अलभ्या पातालेऽप्यलसचलितांगुष्ठशिरसि
प्रतिष्ठा त्वय्यासीद् ध्रुवमुपचितो मुह्यति खलः ॥१२॥

*

તહારી ભક્તિથી પરમ બલ જે બાહુનું લભ્યો;
લઈ તે કૈલાસગિરિ ઊચકવા રાવણ મથ્યો;
હલાવ્યો હસ્તાગ્ર તુજ, ન મળ્યું પાતાલ મહીંયે;
અને સ્થાન તેને, વિભવ શઠને મોહ જ કરે.

*

રોજ રોજ પૂજા કરવા કૈલાસ જવું પડે તેના કરતાં કૈલાસને ઉઠાવીને લંકામાં મૂકું તો રોજ જવું ના પડે એમ વિચારી રાવણે કૈલાસને ઉંચકવા હાથ ફેલાવ્યો. એ જોઈને પાર્વતી ગભરાઈ ગઈ. તેના ગભરાટને દૂર કરવા તમે તમારા પગના અંગૂઠાને ફક્ત હલાવ્યો; તેથી તે પાતાલમાં પડ્યો ને ત્યાં પણ રહેવા માટે તેને સ્થાન ના મળ્યું. આ પરથી સમજાય છે કે લુચ્ચા માણસને જ્યારે ખુબ બળ કે સંપત્તિ મળે છે ત્યારે તેનો ઉપભોગ કરવામાં તે વિવેક ખોઈ બેસે છે.

* * * * *

यद्दर्धिं सुत्राम्णो वरद परमोच्चैरपि सतीं
अधश्चक्रे बाणः परिजनविधेयत्रिभुवनः ।
न तच्चित्रं तस्मिन् वरिवसितरि त्वच्चरणयोः
न कस्याप्युन्नत्यै भवति शिरसस्त्वय्यवनतिः ॥१३॥

*

પ્રભો ! બાણ જેનું ત્રિભુવન પરે રાજ્ય હતું તે,
વધ્યો ઈન્દ્રથીયે વિભવમહીં આશ્ચર્ય નવ એ;

હતી પૂરી ભક્તિ, તુજ ચરણમાં એ અસુરને,
નમાવ્યે મસ્તિષ્ક તુજ પદ, શું સંપત્તિ ન મળે?

*

બાણ નામનો રાક્ષસ, જેને હજાર હાથ હતાં ને તમારો જે મહાન ભક્ત હતો તે ઈન્દ્ર કરતાંય વધારે વૈભવવાળો બની ગયો. એનાં શું કાંઈ નવાઈ પામવા જેવું છે? નહીં જ. કેમ કે તમારા ચરણોમાં જે ભક્તિપૂર્વક શિર નમાવે છે તેની ઉન્નતિ કે સમૃદ્ધિ થયા વિના રહેતી નથી.

* * * * *

अकाण्ड - ब्रह्माण्ड - क्षयचकित - देवासुरकृपा
विधेयस्याऽऽसीद् यस्त्रिनयन विषं संहृतवतः ।
स कल्माषः कण्ठे तव न कुरुते न श्रियमहो
विकारोऽपि श्लाघ्यो भुवन-भय- भङ्ग- व्यसनिनः ॥१४॥

*

હતો સૃષ્ટિનાશ ક્ષણમહીં થવાનો, ત્રિનયન !
કૃપા વરસાવી તેં સુરઅસુરપે પીધું વિષને;
બન્યું ચિન્હ કંઠે, કુરૂપ તુજને તે નવ કરે,
દુઃખોના હર્તાના પૂજનીય વિકારો પણ ખરે.

*

જ્યારે સમુદ્રમંથન થયું ત્યારે સમુદ્રમાંથી બીજા રત્નોની સાથે મહાભયંકર ઝેર પણ નીકળ્યું. આ ઝેરથી સમસ્ત સૃષ્ટિનો નાશ થઈ જાય તેમ હતું, પરંતુ તે વખતે જગત પર દયા કરીને ઝેરને તમે પી ગયા. આથી તમારા કંઠમાં ડાઘ પડી ગયો ને તમે નીલકંઠ કહેવાયા. પરંતુ હે પ્રભુ, આ ડાઘ તમને કુરૂપ બનાવતો નથી. તમે તો સારાય જગતને સુંદરતા દેનારા છો તો એ ડાઘ તમને શું શોભા ન દે? એને લીધે તમે ને તમારે લીધે એ ડાઘ શોભી ઊઠ્યો છે. જગતના દુ:ખને જે દૂર કરે છે તેવા પુરુષોમાં કોઈ ના સમજાય તેવો વિકાર કે ડાઘ હોય તો તે પણ પૂજા કરવા યોગ્ય છે.

* * * * *

असिद्धार्था नैव क्वचिदपि सदेवासुरनरे
निवर्तन्ते नित्यं जगति जयिनो यस्य विशिखाः ।
स पश्यन्नीश त्वामितरसुरसाधारणमभूत्
स्मरः स्मर्तव्यात्मा न हि वशिषु पथ्यः परिभवः ॥१५॥

*

જતાં જેનાં બાણો સુરનર પરે વ્યર્થ ન કદી,
સદાયે પામે છે વિજય અસુરોના પર પડી;
ગણ્યો તેવા કામે, અપરસમ સાધારણ તને,
થયો ભસ્મ તેથી, યતિનું અપમાને શુભ નહીં.

*

હે પ્રભો ! તમે રાતદિવસ આત્માના ધ્યાનમાં જ મસ્ત રહેતા હતાં ત્યારે તારકાસુરની સામે લડવા માટે તમારા દ્વારા કોઈ પુત્ર થાય તો સારું એવી દેવોને ઈચ્છા થઈ એટલે કામદેવને તમારા તપમાં ભંગ પાડવા મોકલ્યો. તે કામદેવ સારી સૃષ્ટિમાં સફળ થતો હતો, પરંતુ તમારું ત્રીજુ નેત્ર ઉઘાડીને તમે તેને ભસ્મ કરી દીધો. ખરેખર, સંયમી માણસનું અપમાન થાય તો તેનું ફળ સારું આવતું નથી.

* * * * *

महीपादाघाताद् व्रजति सहसा संशयपदं
पदं विष्णोर्भ्राम्यद् भुज-परिघ-रुग्ण-ग्रह- गणम् ।
मुहुर्द्यौर्दौस्थ्यं यात्यनिभृत-जटा-ताडित-तटा
जगद्रक्षायै त्वं नटसि ननु वामैव विभुता ॥१६॥

*

મહીરક્ષા કાજે મનહર કર્યું નૃત્ય પ્રભુ તેં,
પદાઘાતે પૃથ્વી, ગ્રહ સહુ ડર્યા મૃત્યુભયથી;
ડર્યું કેશે સ્વર્ગ, ભયભર થયું લોહકરના,
હલ્યાથી વૈકુંઠ, તુજ બલ ખરે કષ્ટપ્રદ છે.

*

એકવાર એક રાક્ષસે બ્રહ્માની સ્તુતિ કરી ને જગતનો નાશ થાય તેવું વરદાન માંગ્યું. બ્રહ્માએ કહ્યું કે ભવિષ્યમાં કોઈ વખત તેવું વરદાન મળશે. આથી દેવો ભયભીત થયા ને તમારી પાસે રક્ષાને માટે આવ્યા. તમે તેમની વિનંતી સાંભળી તાંડવ નૃત્ય શરૂ કર્યું, જેથી વરદાન માટેની સ્તુતિનો સમય જતો રહે; પરંતુ સારી સૃષ્ટિ આ નૃત્યથી ભયભીત થઈ ગઈ. તમારા પગના વાગવાથી પૃથ્વી નાશ થવાની બીકે હાલી ઊઠી. ગ્રહ, નક્ષત્ર ને સ્વર્ગ તમારા લોખંડી હાથના હલનથી ડરી ઊઠ્યાં; અને તમારી જટાથી વૈકુંઠ દુ:ખી થઈ ગયું. ખરેખર તમારું બળ ખૂબ જ છે, ને કષ્ટ પણ આપી શકે તેવું છે.

* * * * *

वियद्व्यापी तारा-गण-गुणित-फेनोद्गम-रुचिः
प्रवाहो वारां यः पृषतलघुदृष्टः शिरसि ते ।
जगद्द्वीपाकारं जलधिवलयं तेन कृतमिति
अनेनैवोन्नेयं धृतमहिम दिव्यं तव वपुः ॥१७॥

*

નદી વ્હે આકાશે, મધુર દીસતાં તારકગ્રહે,
તરંગો જેના તે, તુજ શિર દીસે બિંદુ સરખી;
બન્યા છે તેથી આ જગત પર તો બેટ જલના,
જણાયે છે આથી તુજ તન શું દૈવી પ્રભુ અહા!

*

ગંગાજી જ્યારે આકાશમાં મંદાકિની નામથી વહે છે ત્યારે તારામંડળથી તેનાં તરંગો ખૂબ શોભા ધારણ કરે છે. એ જ ગંગા તમારા શિર ઉપર એક પાણીના બિંદુ જેટલી લાગે છે ને જગતમાં વહેવા માંડે છે ત્યારે જળના બેટ બનાવતી હોય તેમ તે ઠેર ઠેર વહેવાં માંડે છે. આ વસ્તુ પરથી સમજાય છે કે તમારું દૈવી શરીર કેવું મહાન ને સામર્થ્યવાન છે!

* * * * *

रथः क्षोणी यन्ता शतधृतिरगेन्द्रो धनुरथो
रथाङ्गे चन्द्रार्कौ रथ-चरण-पाणिः शर इति ।
दिधक्षोस्ते कोऽयं त्रिपुरतृणमाडम्बर विधिः
विधेयैः क्रीडन्त्यो न खलु परतन्त्राः प्रभुधियः ॥१८॥

*

રથી બ્રહ્મા, પૃથ્વી રથ, ધનુષને મેરુનું કરી,
લઈ વિષ્ણુ બાણ, સૂરજ-શશિ બે ચક્ર રથનાં;
કર્યો શાને ડોળ, ત્રણ નગરને ભસ્મ કરવા?
કરી લીલા તેં તો, પર પર નથી નિર્ભર પ્રભુ.

*

દેવોએ સ્તુતિ કરી ત્યારે હે પ્રભો! તમે તારકાસુરના ત્રણ પુત્રોના ત્રણ નગર બાળવા માટે ચાલી નીકળ્યા. આ વખતે તમે પૃથ્વીનો રથ કર્યો, બ્રહ્માને સારથિ કર્યા, મેરૂ પર્વતનું ધનુષ્ય કર્યું, સૂર્ય ને ચંદ્રને રથનાં પૈડાં કર્યા, ને વિષ્ણુનું તીર કર્યું. આ બધો આડંબર તણખલા જેવા નગરને ભસ્મ કરવા તમે શા માટે કર્યો? તમે તો પ્રભુ છો, કોઈના પર આધાર રાખતા નથી; તમારા હાથ નીચે જે શક્તિઓ હતી તેની સાથે તમે આ રીતે ફક્ત ખેલ જ કર્યો હતો. લીલા જ કરી હતી.

* * * * *

हरिस्ते साहस्रं कमल बलिमाधाय पदयोः
यदेकोने तस्मिन् निजमुदहरन्नेत्रकमलम् ।
गतो भक्त्युद्रेकः परिणतिमसौ चक्रवपुषः
त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ॥१९॥

*

હજારો પદ્મોથી હરિ-હર તને રોજ પૂજતા,
ખૂટ્યું એક પદ્મ, ધર્યું તરત ત્યાં લોચન કદા;
થતાં ભક્તિ ગાઢી તરત પ્રકટ્યું તારું રૂપ ત્યાં,
પ્રભો ! તું રક્ષે છે ત્રિભુવન રહી જાગ્રત સદા.

*

હે પ્રભો! હંમેશા એક હજાર કમળ લઈને તમારી પૂજા કરવાનો વિષ્ણુનો નિયમ હતો. એકવાર તેમની પરીક્ષા કરવા એક કમળ તમે ઓછું કર્યું. પરમ ભક્ત વિષ્ણુએ કમળને બદલે પોતાની આંખ ધરી

દીધી. આથી તમે પ્રસન્ન થયા ને વિષ્ણુને સુદર્શન ચક્ર આપ્યું. હે પ્રભો! તમે સ્વર્ગ, પૃથ્વી ને પાતાલ, ત્રણે લોકોની રક્ષા કરવા રાતદિવસ જાગો છો.

* * * * *

क्रतौ सुप्ते जाग्रत् त्वमसि फलयोगे क्रतुमतां
क्व कर्म प्रध्वस्तं फलति पुरुषाराधनमृते ।
अतस्त्वां सम्प्रेक्ष्य क्रतुषु फलदान-प्रतिभुवं
श्रुतौ श्रद्धां बध्वा दृढपरिकरः कर्मसु जनः ॥२०॥

*

થતાં યજ્ઞો પૂરા તું જ ફળ ધરે યજ્ઞપ્રિયને,
ફલે ના કો' યજ્ઞ પ્રભુભગતિથી જે રહિત છે;
તને તેથી જાણી ફળ પરમ દેતો યજનનું,
કરી વેદે શ્રદ્ધા, જન રત બને કર્મ મહીં સૌ.

*

યજ્ઞ પૂરા થાય છે ત્યારે યજ્ઞ કરનારને યજ્ઞનું ફળ તમે જ આપો છો; અને એ સાચું જ છે કે તમારી ઉપાસના કે શ્રદ્ધા વિનાનું કોઈ કર્મ ફળદાયક થતું નથી. આથી કર્મ ને યજ્ઞના ફળદાતા તમને જ જાણીને વેદમાં શ્રદ્ધા રાખીને લોકો કર્મ કરે છે.

* * * * *

क्रियादक्षो दक्षः क्रतुपतिरधीशस्तनुभृतां
ऋषीणामार्त्विज्यं शरणद सदस्याः सुर-गणाः ।
क्रतुभ्रंशस्त्वत्तः क्रतुफल-विधान-व्यसनिनः
ध्रुवं कर्तुं श्रद्धा विधुरमभिचाराय हि मखाः ॥२१॥

*

હતો યજ્ઞકર્તા જગતપતિ જ્યાં દક્ષ સરખો,
ગુરુ યોગી સર્વે, સુરગણ હતાં સભ્ય સઘળાં;
કર્યો તેવો યજ્ઞ, તરત જ તમે નષ્ટ પ્રભુ, હા,
ન હોયે શ્રદ્ધા તો, દુઃખદ બનતાં યજ્ઞ સઘળાં.

*

દક્ષ પ્રજાપતિ જેવો યજ્ઞકર્તા, જેની પાસે ઋષિઓ યજ્ઞના કરાવનારા હતાં ને દેવતાઓ યજ્ઞના જોનારા હતાં, તેવો યજ્ઞ પણ તમે નષ્ટ કરી દીધો; કેમ કે તે યજ્ઞમાં તમારું અપમાન કરવામાં આવ્યું હતું. ભક્તિ વિના જે યજ્ઞો થાય છે તે યજ્ઞકર્તાને હંમેશા નુકશાન કરે છે.

* * * * *

प्रजानाथं नाथ प्रसभमभिकं स्वां दुहितरं
गतं रोहिद् भूतां रिरमयिषुमृष्यस्य वपुषा ।

धनुष्पाणेर्यातं दिवमपि सपत्राकृतममुं
त्रसन्तं तेऽद्यापि त्यजति न मृगव्याधरभसः ॥२२॥

*

બનેલો તું જ્યારે ધનુ લઈ શિકારી વનમહીં
ઘવાયેલા બ્રહ્મા તુજ શરથકી ત્યાં બહુ ડર્યા;
હજીયે બ્રહ્માનો ભય નવ ગયો છે પ્રભુ ખરે,
ગયા છે જો કે એ ગગનમહીં ભીતિભર ઊડી.

*

પ્રજાના પતિ બ્રહ્માએ હરણનું રૂપ લઈને પોતાની પુત્રી પ્રત્યે આસક્તિ ને કામના બતાવી ત્યારે તમે શિકારી થઈને તેને આકાશમાં નસાડી મૂક્યા એ વખતે તમે બતાવેલો ભય બ્રહ્મા હજી ભૂલ્યા નથી.

* * * * *

स्वलावण्याशंसा धृतधनुषमह्नाय तृणवत्
पुरः प्लुष्टं दृष्ट्वा पुरमथन पुष्पायुधमपि ।
यदि स्त्रैणं देवी यमनिरत-देहार्ध-घटनात्
अवैति त्वामद्धा बत वरद मुग्धा युवतयः ॥२३॥

*

હતો બાળ્યો કામ, તૃણસમ ગણી તેં ક્ષણમહીં,
છતાંયે દેવી જો નિજ રૂપતણો ગર્વ કરતી;
તપે પામી સ્થાન, તનમહીં જ તેથી સમજતી,
તને મુગ્ધ તો તો યુવતી જગની મોહવશ છે.

*

તમને તપશ્ચર્યામાં ચલિત કરવા જે કામ તમારી પાસે આવેલો તેને તમે તણખલાની જેમ નષ્ટ કરી દીધો. આ બધું જાણવા છતાં પણ જો પાર્વતી, તમારા શરીરમાં તપથી તેને સ્થાન મળ્યું છે તેથી, ગર્વ કરતી હોય ને તમને પોતાના સૌન્દર્યથી મુગ્ધ થયેલા માનતી હોય, તો તેવું માનવું ખરે જ દયાજનક છે. જુવાન સ્ત્રી પોતે જ ખરું જોતાં મુગ્ધ થઈ ગયેલી હોય છે.

* * * * *

श्मशानेष्वाक्रीडा स्मरहर पिशाचाः सहचराः
चिता-भस्मालेपः स्रगपि नृकरोटी-परिकरः ।
अमङ्गल्यं शीलं तव भवतु नामैवमखिलं
तथापि स्मर्तॄणां वरद परमं मङ्गलमसि ॥२४॥

*

લગાવીને ભસ્મ સ્મરહર સ્મશાને તું રમતો,
ઘણાં ભૂતો સાથે, મૃત શિરતણી માળ કરતો;

નથી કૈં તારામાં મધુર પ્રિય કૈં મંગલ ખરે,
સ્મરે જે તેનું તું, પણ પ્રભુ સદા મંગલ કરે.
*

પ્રભો ! તમારો વેશ તો જુઓ ! શરીર પર ભસ્મ છે, સર્પ છે, ને કંઠમાં હાડકાની માળા છે. સ્મશાનમાં તમે ક્રીડા કરો છો, ને ભૂતપ્રેત તમારા ભાઈબંધો છે. હે કામદેવને હરનાર પ્રભુ ! આ પ્રમાણે જોઈએ તો તમારી કોઈ વાત મંગળ નથી; પરંતુ જે તમારા નામનું રટણ કરે છે તેને માટે તમે મંગળ થાવ છો એમાં શંકા નથી.

* * * * *

मनः प्रत्यक् चित्ते सविधमविधायात्त-मरुतः
प्रहृष्यद्रोमाणः प्रमद-सलिलोत्सङ्गति-दृशः ।
यदालोक्याह्लादं ह्रद इव निमज्यामृतमये
दधत्यन्तस्तत्त्वं किमपि यमिनस्तत् किल भवान् ॥२५॥
*

રહી શાસ્ત્રાજ્ઞામાં નિશદિન કરે સાધન મુનિ,
લભે છે આત્માને શ્વસન વિધિમાં મક્કમ રહી;
રડે ને આનંદે, અમૃત સુખમાં મસ્ત બનતાં,
મળ્યાથી જે સત્ય પરમ, પ્રભુ તે સત્ય તું જ છે.
*

એકાંતમાં વાસ કરીને, અખંડ ધ્યાન કરીને, ને શ્વાસ-પ્રશ્વાસની ગતિને કાબુમાં કરીને યોગીઓ પોતાના આત્માનું દર્શન કરે છે. તે વખતે તે રડે છે, હસે છે ને અમૃતાનંદમાં ડૂબકી મારી ધન્ય ધન્ય બને છે. તે પરમતત્વ હે પ્રભુ ! તમે જ છો.

* * * * *

त्वमर्कस्त्वं सोमस्त्वमसि पवनस्त्वं हुतवहः
त्वमापस्त्वं व्योम त्वमु धरणिरात्मा त्वमिति च ।
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रति गिरं
न विद्मस्तत्तत्त्वं वयमिह तु यत् त्वं न भवसि ॥२६॥
*

તું છે સૂર્ય ચંદ્ર, પવન જલ ને અગ્નિ પણ તું,
તું પૃથ્વી ને આત્મા, ગગન પણ તું છે પ્રભુ, ખરે;
ધરે તારે માટે પરિમિત અભિપ્રાય બુધ આ,
અમે ના જાણીએ કયું નવ તું છે તત્ત્વ પ્રભુ હે!
*

હે પ્રભો ! તમે સૂર્ય છો, ચંદ્ર છો, પવન છો, અગ્નિ છો, જળ છો, આકાશ છો અને પૃથ્વી પણ તમે જ છો. આ પ્રમાણે તમારો વિચાર કરીએ છીએ ત્યારે વાણી તમારા ઉપર ઉપરના સ્વરૂપનો જ વિચાર કરી શકે છે. પરંતુ એવું કયું તત્ત્વ છે જે તમે નથી અથવા તમારાથી રહિત છે? મતલબ કે સંપૂર્ણ જગત તમે જ છો.

* * * * *

त्रयीं तिस्रो वृत्तीस्त्रिभुवनमथो त्रीनपि सुरान्
अकाराद्यैर्वर्णैस्त्रिभिरभिदधत् तीर्णविकृति ।
तुरीयं ते धाम ध्वनिभिरवरुन्धानमणुभिः
समस्त-व्यस्तं त्वां शरणद गृणात्योमिति पदम् ॥२७॥

*

તને દર્શાવે છે, પૃથક રૂપમાં ૐ 'અઉમ'માં,
બતાવે વેદોને સ્થિતિ જગત ને દેવ ત્રણને;
અને આખો શબ્દ મધુર ધ્વનિમાં વ્યક્ત કરતો,
તહારા સંપૂર્ણ તુરિય પદને હે પ્રભુ મહા!

*

જે ૐકારનો અર્થ સ્વર્ગ, પૃથ્વી ને પાતાલ એ ત્રણ લોક ને બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ ત્રણ દેવતા એવો થાય છે તેમજ જાગૃતિ, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાને જે બતાવે છે તે ૐકાર જ્યારે સંપૂર્ણપણે નાદ સાથે ઉચ્ચારવામાં આવે છે ત્યારે ત્રણે અવસ્થાથી પર જે તમારું સનાતન, સત્ય ને નિત્ય એવું તુરીય પદ છે તેને વ્યક્ત કરે છે.

* * * * *

भवः शर्वो रुद्रः पशुपतिरथोग्रः सहमहान्
तथा भीमेशानाविति यदभिधानाष्टकमिदम् ।
अमुष्मिन् प्रत्येकं प्रविचरति देव श्रुतिरपि
प्रियायास्मैधाम्ने प्रणिहित-नमस्योऽस्मि भवते ॥२८॥

*

પ્રભો! શર્વ રુદ્ર, પશુપતિ મહાદેવ, ભવ ને,
ઈશાન ને ભીમ, ઉગર, તુજ નામાષ્ટક ખરે;
બધાંયે એ નામો શ્રુતિ પણ કહે છે તુજ પ્રભો!
વહાલાં એ નામ, શિર નમવું છું તે સહુયને.

*

હે પ્રભો ! ભવ, શર્વ, રુદ્ર, પશુપતિ, ઉગ્ર, મહાદેવ, ભીમ ને ઈશાન આ પ્રમાણે તમારા આઠ નામ છે. આ બધાંય નામો વેદમાં પણ કહેલા છે. આ બધા નામ ખૂબ પ્રિય લાગે તેવા છે. તે નામોને હું ભાવપૂર્વક પ્રણામ કરું છું.

* * * * *

नमो नेदिष्ठाय प्रियदव दविष्ठाय च नमः
नमः क्षोदिष्ठाय स्मरहर महिष्ठाय च नमः ।
नमो वर्षिष्ठाय त्रिनयन यविष्ठाय च नमः
नमः सर्वस्मै ते तदिदमतिसर्वाय च नमः ॥२९॥

*

તું છે પાસે દૂર, વિજનપ્રિય, નમું પ્રભુ તને!
તું છે નાનો મોટો, સ્મરહર, નમું છું પ્રભુ તને!
યુવા ને વૃદ્ધ તું, નમન કરતો ત્ર્યંબક તને,
રહ્યો સૌમાં, સૌથી પર, કરું નમસ્કાર તુજને.

*

તમે દૂર છો ને નજદીક પણ છો, નાનામાં નાના છો ને મોટામાં મોટા છો, તમે વૃદ્ધ છો ને જુવાન છો. તમે સર્વમાં છો ને સર્વથી પર પણ છો. હે ત્રણ નેત્રવાળા ! હે વનમાં વાસ કરનારા ! કામદેવને હરનારા, તમને મારા નમસ્કાર હો !

* * * * *

बहुल-रजसे विश्वोत्पत्तौ भवाय नमो नमः
प्रबल-तमसे तत् संहारे हराय नमो नमः ।
जन-सुखकृते सत्त्वोद्रिक्तौ मृडाय नमो नमः
प्रमहसि पदे निस्त्रैगुण्ये शिवाय नमो नमः ॥३०॥

*

જગત રચતા બ્રહ્માને, હું નમું રાજસ રૂપ જે,
નમું જગતના હર્તા, રુદ્ર બન્યા તામસ રૂપ તે;
સુખ જગતને દેતા, વિષ્ણુ નમું સત્ત્વ સ્વરૂપને,
ગુણાતીત સ્વરૂપ તેજોમય સદાશિવને નમું.

*

રજોગુણને વધારીને બ્રહ્માનું રૂપ ધારણ કરીને તમે જગતની ઉત્પત્તિ કરો છો. તમારા તેવા રૂપને નમસ્કાર ! વળી તમોગુણ ધારણ કરીને રુદ્ર બનતાં તમે જગતનો નાશ કરો છો. હે પ્રભુ તમને નમસ્કાર ! વિષ્ણુ બનીને સત્ત્વ ગુણ વધારીને તમે લોકોના સુખને માટે કાર્ય કરો છો. તમારા તે રૂપને પણ નમસ્કાર ! તેમજ શિવરૂપે તમારું જે ત્રિગુણાતીત સ્વરૂપ છે તે સ્વરૂપને પણ નમસ્કાર !

* * * * *

कृश-परिणति-चेतः क्लेशवश्यं क्व चेदं
क्व च तव गुण-सीमोल्लङ्घिनी शश्वदृद्धिः ।
इति चकितममन्दीकृत्य मां भक्तिराधाद्
वरद चरणयोस्ते वाक्य-पुष्पोपहारम् ॥३१॥

*

અવગુણભર મારું ચિત્ત ક્યાં ક્લેશવાળું,
પરમગુણ ભરેલી, શક્તિ ક્યાં દિવ્ય તારી !
ચકિત થાઉં વિચારી, ભીતિવાળો બનું છું,
પદમહીં પણ ગીત ભક્તિભાવે ધરું છું.

*

શોક, મોહ ને દુઃખને લીધે મારું ચિત્ત ક્લેશવાળું બનેલું છે ને તમારો મહિમા અપરંપાર છે. એ વિચાર કરું છું ત્યારે ચકિત થઈ જાઉં છું ને તમારા ગુણગાન કેવી રીતે કરી શકું તે વિચારમાં પડું છું. છતાં ભક્તિનો પ્રભાવ ઘણો ભારે છે. તમારા પ્રત્યેની પરમ ભક્તિને લીધે મારું હૃદય ગાયા વિના રહી શકતું નથી. તેથી જ તમારા ચરણમાં આ સ્તુતિની પુષ્પમાળા ધરું છું.

* * * * *

असित-गिरि-समं स्यात् कज्जलं सिन्धु-पात्रे
सुर-तरुवर-शाखा लेखनी पत्रमुर्वी ।
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति ॥३२॥

*

જલધિનું પ્રભુ પાત્ર હોય ને પ્હાડ શાહી,
કલમ કલ્પવૃક્ષ ડાળની, પત્ર પૃથ્વી;
નિત નિત કર તેને લઈ લખે શારદા યે,
તુજ ગુણ સહુ તેનો પાર તોયે ન પામે.

*

સાગરનો જો ખડિયો કરવામાં આવે, કાળા પર્વતની જો શાહી કરવામાં આવે, પારિજાત વૃક્ષની ડાળીની જો કલમ બને અને પૃથ્વીનો કાગળ બને તેમજ તે બધું લઈને સરસ્વતી પણ રાતને દિવસ લખ્યા કરે, તો પણ હે પ્રભુ તમારા ગુણોનો પાર આવે તેમ નથી !

* * * * *

असुर-सुर-मुनीन्द्रैरर्चितस्येन्दु-मौलेः
ग्रथित-गुणमहिम्नो निर्गुणस्येश्वरस्य ।
सकल-गण-वरिष्ठः पुष्पदन्ताभिधानः
रुचिरमलघुवृत्तैः स्तोत्रमेतच्चकार ॥३३॥

*

અસુરસુરમુનિથી પૂજ્ય જે ચંદ્રમૌલી,
ગુણરહિત સદા જે, ખૂબ પૂર્વે ગવાયા;
સ્તુતિ કરું મધુ તેની ભક્ત ગંધર્વ તે હું,
રસમય બનું, મારું નામ છે પુષ્પદંત.

*

જે પ્રભુ અસુર, સુર ને મુનિથી પૂજાય છે તેમજ જેમના મસ્તક ઉપર ચંદ્ર છે ને જે નિર્ગુણ છે તેમનો આ મહિમા ખુબ ભક્તિભાવથી પ્રેરાઈને સર્વ ગંધર્વમાં શ્રેષ્ઠ એવા પુષ્પદંત નામના ગંધર્વે સુંદર એવા સ્તોત્રમાં રચ્યો છે.

* * * * *

अहरहरनवद्यं धूर्जटेः स्तोत्रमेतत्
पठति परमभक्त्या शुद्ध-चित्तः पुमान् यः ।
स भवति शिवलोके रुद्रतुल्यस्तथाऽत्र
प्रचुरतर-धनायुः पुत्रवान् कीर्तिमांश्च ॥३४॥

*

પુનિત હૃદયથી જે રોજ આ સ્તોત્ર વાંચે,
મધુર સુખદ જે છે, મેં રચ્યું શંભુ માટે;
શિવસમ બનશે તે રુદ્રલોકે અહીં ને,
બહુ ધન-સુત-આયુ-કીર્તિને પામશે તે.

*

હૃદયને પવિત્ર કરીને તેમજ પરમ ભક્તિને ધારણ કરીને જે કોઈ મનુષ્ય રાતદિવસ આ સ્તોત્રનો પાઠ કરે છે તે શરીર છોડ્યા પછી શિવલોકમાં જઈ શિવતુલ્ય સુખ ભોગવે છે ને જીવે ત્યાં લગી આ જગમાં રહી ઈચ્છા પ્રમાણે ખૂબ ધન, પુત્રો ને આયુષ્ય તેમજ કીર્તિ પ્રાપ્ત કરે છે. લૌકિક ને પારલૌકિક બંને ઈચ્છાઓ આ સ્તોત્રના પાઠથી પુરી થાય છે.

* * * * *

महेशान्नापरो देवो महिम्नो नापरा स्तुतिः ।
अघोरान्नापरो मन्त्रो नास्ति तत्त्वं गुरोः परम् ॥३५॥

*

શિવથી અન્ય ના દેવ, સ્તુતિ અન્ય મહિમ્નથી;
શિવમંત્ર થકી મંત્ર, ગુરુથી પર તત્ત્વ ના.

*

શંકરથી શ્રેષ્ઠ બીજો કોઈ દેવ નથી; મહિમ્નસ્તોત્રથી બીજી કોઈ શ્રેષ્ઠ પ્રભુની સ્તુતિ નથી; શંકરના નામના મંત્રથી શ્રેષ્ઠ કોઈ મંત્ર નથી ને ગુરુથી શ્રેષ્ઠ એવું કોઈ તત્ત્વ નથી.

* * * * *

दीक्षा दानं तपस्तीर्थं ज्ञानं यागादिकाः क्रियाः ।
महिम्नस्तव पाठस्य कलां नार्हन्ति षोडशीम् ॥३६॥

*

દાન, દીક્ષા, તપ, જ્ઞાન, તીર્થ, યજ્ઞ સમી ક્રિયા,
મહિમ્ન પાઠના નાદે, સોળમા ભાગનું ફળ.

*

દીક્ષા, દાન, તપ, તીર્થ, જ્ઞાનને યજ્ઞ જેવી ક્રિયાઓથી જે ફળ મળે છે તે ફળ તમારા મહિમ્નસ્તોત્રના પાઠના સોળમા ભાગના ફળની પણ બરાબર થતું નથી.

* * * * *

कुसुमदशन-नामा सर्व-गन्धर्व-राजः
शशिधरवर-मौलेर्देवदेवस्य दासः ।
स खलु निज-महिम्नो भ्रष्ट एवास्य रोषात्
स्तवनमिदमकार्षीद् दिव्य-दिव्यं महिम्नः ॥३७॥

*

કુસુમદશન નામે સર્વ ગંધર્વ રાજા,
શિર પર વિધુ જેના, દાસ તે શંભુ કેરો;
કુપિત શિવ થવાથી, જે થયો ભ્રષ્ટ તેણે,
સ્તવન શિવનું આ છે દિવ્ય એવું બનાવ્યું.

*

પુષ્પદંત નામે ગંધર્વ સર્વ ગંધર્વનો રાજા હતો ને મસ્તકમાં ચંદ્રવાળા શંકરનો તે દાસ હતો. એકવાર અપરાધ થવાથી તે શંકરના ક્રોધને લીધે પોતાના મહિમાથી ભ્રષ્ટ થયો. પ્રભુને ફરી પ્રસન્ન કરવા તેમના દિવ્ય મહિમાનું આ સ્તોત્ર તે ગંધર્વે બનાવ્યું છે.

* * * * *

सुरगुरुमभिपूज्य स्वर्ग-मोक्षैक-हेतुं
पठति यदि मनुष्यः प्राञ्जलिर्नान्य-चेताः ।
व्रजति शिव-समीपं किन्नरैः स्तूयमानः
स्तवनमिदममोघं पुष्पदन्तप्रणीतम् ॥३८॥

*

સુરગુરુ શિવ પૂજી સ્વર્ગ ને મુક્તિદાતા,
જન કદી કર જોડી પાઠ ચિત્તે કરે આ;
શિવગમન કરે તે ગાય છે કિન્નરો ત્યાં,
સ્તુતિ જરૂર ફળે છે, પુષ્પદંતે કરી આ.

*

સ્વર્ગને મુક્તિને દેનાર તેમજ દેવના પૂજ્ય એવા શંકરને પૂજીને હાથ જોડીને એકચિત્તથી જે કોઈ આ સ્તુતિનો પાઠ કરે છે તે ગંધર્વોથી સદા ગવાતા શંકરની પાસે જાય છે. પુષ્પદંતે રચેલું આ સ્તવન કદીયે નિષ્ફળ ના જાય તેવું છે.

* * * * *

आसमाप्तमिदं स्तोत्रं पुण्यं गन्धर्व-भाषितम् ।
अनौपम्यं मनोहारि सर्वमीश्वरवर्णनम् ॥३९॥

*

પૂર્ણ આ થાય છે સ્તોત્ર, જેમાં છે પ્રભુવર્ણન,
પુણ્યવંત મનોહારી ગંધર્વે તે રચેલ છે.

*

ઈશ્વરના વર્ણનથી ભરેલું, અનન્ય ને મનોહર એવું આ પુણ્ય સ્તોત્ર, જે ગંધર્વે રચ્યું છે તે, હવે પુરું થયું.

* * * * *

इत्येषा वाङ्मयी पूजा श्रीमच्छङ्कर-पादयोः ।
अर्पिता तेन देवेशः प्रीयतां मे सदाशिवः ॥४०॥

*

આ છે વાણીમયી પૂજા, શિવને ચરણે ધરી,
સ્વીકારી પ્રસન્ન તમે મહાદેવ જજો બની.

*

શંકર ભગવાનના ચરણકમળમાં આ વાણીમયી પૂજા હું અર્પણ કરું છું. તે સ્વીકારીને દેવોના દેવ શંકર મારા પર પ્રસન્ન બનો !

* * * * *

तव तत्त्वं न जानामि कीदृशोऽसि महेश्वर ।
यादृशोऽसि महादेव तादृशाय नमो नमः ॥४१॥

*

તત્ત્વથી ના તને જાણું, કેવો છે તું મહેશ્વર,
જેવો તું હોય તેવો યે, નમસ્કાર તને કરું.

*

હે પ્રભો ! હે મહેશ્વર ! તમારું તત્ત્વ કેવું છે તે હું જાણતો નથી. તમે ખરેખર કેવા છો તેની સમજ મને નથી. તેથી હે પ્રભો ! હે મહાદેવ ! જેવા હો તેવા તમને મારા નમસ્કાર છે.

* * * * *

एककालं द्विकालं वा त्रिकालं यः पठेन्नरः ।
सर्वपाप-विनिर्मुक्तः शिव लोके महीयते ॥४२॥

*

એક બે ત્રણ કે વાર, જે કો' આ પાઠ વાંચશે,
સર્વ પાપ થકી છૂટી, શિવલોકે સુખી થશે.

*

જે કોઈ મનુષ્ય આ સ્તોત્રને એકવાર, બે વાર કે રોજ ત્રણ વાર વાંચશે તો તે સર્વ પ્રકારના પાપથી મુક્ત ને પવિત્ર થઈ શિવલોકમાં જઈ સમૃદ્ધિ મેળવશે.

* * * * *

श्री पुष्पदन्त-मुख-पङ्कज-निर्गतेन
स्तोत्रेण किल्बिष-हरेण हर-प्रियेण ।
कण्ठस्थितेन पठितेन समाहितेन
सुप्रीणितो भवति भूतपतिर्महेशः ॥४३॥

*

શ્રી પુષ્પદંત મુખપંકજથી થયું આ,
છે સ્તોત્ર પાપહર શંકરને વહાલું;
કંઠે રહે, પઠન થાય, ગૃહે રહે તે,
તો લોકનાથ શિવ થાય પ્રસન્ન સાચે.

*


પુષ્પદંતના મુખરૂપી કમળમાંથી નીકળેલી આ પ્રભુને પ્રિય તેમજ પાપને હરનારી સ્તુતિ જે મનુષ્ય મોઢે કરશે, વાંચશે કે ઘરમાં રાખશે તેના પર જગતના નાથ ભગવાન શંકર જરૂર જરૂર પ્રસન્ન થશે.

॥ इति श्री पुष्पदंत विरचित शिवमहिम्नः स्तोत्रं समाप्तम् ॥

* * *



## About the Author



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરુની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, દસ ઉપનિષદ, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*


## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ **શિવમહિમ્નસ્તોત્ર** ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

For more information
On the
Life and works of

**Shri Yogeshwarji**



Please visit

**www.swargarohan.org**